Surat Municipal Corporation
e-Magazine
Issue 13
August 5 , 2005



## (રાંદેર) વિસ્તારમાં અડાજણ ખાતે સાકારિત થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષની ખાતમુહુર્તવિધિ

શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં અડાજણ ખાતે સાકારિત થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષની ખાતમુહુર્તવિધિ માન. સાંસદશ્રી અને ભારત સરકારના પૂર્વ ગ્રામીણ વિકાસમંત્રીશ્રી કાશીરામભાઈ રાણા વરદહસ્તે તેમજ મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના પ્રમુખપદે તા. ૩૧–૦૭–૨૦૦૫ના રોજ રવિવારે સવારે રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## મનપાના યુસીડી વિભાગ ધ્વારા અલુણાવ્રત નિમીતે વિવિધ સ્પર્ધા યોજાઈ



સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી. વિભાગ પ્રોત્સાહિત સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ ( સીટી ડેવલપમેન્ટ સોસાયટી ) ધ્વારા યુ.સી.ડી. કચેરીના વિચાર–વિમર્શ ભવનમાં '' અલૂણાં પર્વ '' નિમિતે વિવિધ હરીફાઈઓ અને ઈનામ–વિતરણનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાના માનનીય મેયર શ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## મહાનગરપાલિકાનો વોર્ડ ફેરરચનાનો મુસદો જાહેર : ભારે ફેરફાર, વાંધા – સૂચનો માટે ૧૫ દિવસની મહેતલ

મહાનગરપાલિકાની વોર્ડ ફેરરચનાનો નકશો જાહેર થયો છે. ચૂંટણી પંચે દસ ટકા વસતિ વધ–ઘટની વાત કરી છે. પરંતુ રાંદેર–ગોરાટ, અડાજણ (વેસ્ટ) અડાજણ (ઈસ્ટ) અને રાંદેર પીસાદમાં ૧૦ ટકા કરતાં વધુ ઘટ અને કતારગામ ફુલપાડામાં દસ ટકા કરતાં વધુ જાહેર કરવામાં આવી છે. ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની 'પે એન્ડ પાર્ક'ની સુવિધાને મળેલ ભારે પ્રતિસાદ

વધતી જતી વસ્તીને કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. પરિણામે આર્ટ સીલ્ક ઉદ્યોગથી સતત ધમધમતા રીંગરોડ માર્કેટ વિસ્તારમાં વાહન પાર્કીગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ પે એન્ડ પાર્કની સુવિધાની સફળતાને કારણે અન્ય ઈજારદારો વચ્ચે પાર્કિંગના ઈજારા માટે સ્પર્ધા જામી છે. અત્યાર સુધી રીંગરોડ ખાતેના આ ' પે એન્ડ પાર્ક 'માંથી દર વર્ષે રૂા. ૪૦ લાખની આવક થતી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>


## સુરત મહાનગરપાલિકાની જકાત આવકમાં પ્રથમ ચાર માસમાં મળેલ રૂા. સવા કરોડથી વધુ આવક

સુરત મહાનગરપાલિકાના જકાત વિભાગે ચાલુ નાંણાકીય વર્ષ દરમ્યાન જકાત વિભાગે પ્રથમ ચાર માસ દરમ્યાન રૂા. ૧૨૮ કરોડની જકાત આવક વસુલી છે. જે ગત વર્ષના પ્રથમ ચાર માસ દરમ્યાન પાલિકાના જકાત વિભાગે રૂા. ૧૧૨ કરોડની આવક મેળવી હતી. જેમાં અનુક્રમે ચાલુ વર્ષે વધારો નોંધાયો છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર વિસ્તારમાં અડાજણ ખાતે સાકારિત થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષની ખાતમુહુર્તવિધિ

શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં અડાજણ ખાતે સાકારિત થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષની ખાતમુહુર્તવિધિ માન. સાંસદશ્રી અને ભારત સરકારના પૂર્વ ગ્રામીણ વિકાસમંત્રીશ્રી કાશીરામભાઈ રાણા વરદહસ્તે તેમજ મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના પ્રમુખપદે તા.૩૧–૦૭–૨૦૦૫ના રોજ રવિવારે સવારે રાખવામાં આવેલ. જે પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા ફકત પ્રાથમિક સુવિધાઓ જ નહીં, પણ શહેરીજનોની સુખાકારીની સુવિધા પૂરી પાડવા હંમેશા અગ્રેસર રહી છે. હાલમાં થોડા સમય પહેલા ઉદ્યાનો, આરોગ્ય કેન્દ્રો અને વાંચનાલય શહેરીજનોના લાભાર્થે અર્પણ કરેલ છે. તેમજ આજરોજ આ જ વિસ્તારમાં અડાજણ ખાતે સાકારિત થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષ અંદાજીત રૂા. ૧.૫૫ કરોડના ખર્ચે ૯૨૭૧ ચો.મી.ના વિશાળ પ્લોટમાં તૈયાર કરવામાં આવશે. આ ખર્ચ પૈકી ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ તરફથી રૂા. ૧.૦૬ કરોડની સહાય ઉપલબ્ધ થશે. આ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં આઉટડોર ગેમ્સ માટે ગ્રાઉન્ડ ડેવલોપમેન્ટમાં લોન ટેનીસ કોર્ટ, વોલીબોલ કોર્ટ, બાસ્કેટ બોલ, સ્કેટીંગ રીંગ તથા આઉટડોર કાફેટેરીયા બનાવવાનું આયોજન છે. તથા ખેલાડીઓ માટે ૧૦૯૩ ચો.મી. જેટલું વિશાળ પાર્કીંગની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે. ઈન્ડોર ગેમ્સ માટે ગ્રાઉન્ડ ફલોર પર બેડમીન્ટન કોર્ટ, ટેબલ ટેનીસ કોર્ટ, બીલીયાર્ડસ કોર્ટ, વરિષ્ઠ નાગરિકો માટેનો હોલ, રીસેપ્સન, ચેઈન્જ રૂમ, સર્વિસ રૂમ, ઓફિસ તથા વેઈટીંગ રૂમ અને કેન્ટીન બનાવવાનું આયોજન છે. તથા પ્રથમ માળે હેલ્થ કલબ અને સર્વિસ રૂમ બનાવવાનું આયોજન છે.આ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું બાંધકામ ૧ વર્ષના સમય ગાળા દરમ્યાન પૂર્ણ કરી શહેરીજનોને અર્પણ કરવામાં આવશે.



અડાજણ ખાતે સાકારિત થનાર સ્પોટર્સ કોમ્પલેક્ષની ખાતમુહુર્તવિધિ જેમના વરદ્ હસ્તે થઈ છે તેવા સાંસદ અને ભારત સરકારના પૂર્વ ગ્રામીણ વિકાસમંત્રીશ્રી કાશીરામભાઈ રાણા આ પ્રસંગે જણાવ્યું હતું કે પ્રાથમિક સુવિધાઓ સંતોષકારક રીતે પૂર્ણ કરવા ઉપરાંત લોકોની સુખાકારીને ધ્યાનમાં લઈ તેમની પૂર્તિ કરવાનું કાર્ય કરી રહી છે જે અભિનંદનીય છે. ભાજપ શાસનના એક દશકાના દીર્ઘદ્રષ્ટિ પૂર્વકના આયોજનો અને અમલીકરણના કારણે સુરત શહેર દેશના અન્ય નગરો કરતાં અગ્રેસર રહયું છે. સુરત મહાનગરપાલિકા પોતાની નાણાંકીય સધ્ધરતાને કારણે લોકોની સુખાકારીના અનેક પ્રોજેકટો હાથ ધરી ચૂકી છે. ઉત્તરોતર વસ્તીથી ઉભરાતાં આ શહેરને પણ પોતાની અનેક સમસ્યાઓ હોવા છતાં શાસકો અને વહીવટીતંત્રના સુભગ સમન્વયના કારણે વણથંભી વિકાસકૂચ જારી રાખી છે. દેશના મોટા શહેરોમાં સુરતનો ક્રમ વસ્તીની દૃષ્ટિએ નવમાં ક્રમે છે. તેમ છતાં સુરત શહેરના આયોજનો ફકત કાગળ પર જ નહીં પણ નકર આયોજનોના કારણે દેશના અન્ય મહાનગરો કરતાં અગ્રક્રમે રહયું છે. દરેક શહેર પોતાની વિકાસયાત્રા ધ્વારા સંપૂર્ણ વિકાસ સાધી શકે છે. વિકાસયાત્રાએ દરેક શહેરની નિરંતર પ્રક્રિયા છે અને આવા સુદઢ વિકાસનો તાદ્દશ નમૂનો એ સુરત મહાનગરપાલિકા છે. સુરત મહાનગરપાલિકા વિકાસના તમામ પ્રોજેકટો પૂર્ણ કરેલ છે. જેથી વિકાસયાત્રાના અન્ય પરિબળો પણ વિચારવા જોઈએ. દેશની અન્ય મહાનગરપાલિકાઓ વિકાસના કામો માટે તથા આવક વધારવા માટે વેરાઓ વધારે છે. જયારે સુરત મહાનગરપાલિકાએ એક એવી મહાનગરપાલિકા છે કે જેણે વેરામાં ઘટાડો કર્યો હોવા છતા વિકાસની વણથંભી આગેકૂચ જારી રાખી છે. આવનારા વર્ષોમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે નકર આયોજનો કરેલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હાલમાં સંસદમાં શહેરી વિકાસ મંત્રાલયની ચર્ચા દરમ્યાન એવું સુચન થયું હતું કે મોટા શહેરોમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે ભારત સરકારે

મહાનગરપાલિકાઓની સાથે રહી મેટ્રો રેલ સેવા બાબતે અમલીકરણ કરવું જોઈએ. એ દિશામાં સુરત મહાનગરપાલિકાએપણ આગળ વધવું જોઈ એ. વસ્તી અને ટ્રાફિકની સમસ્યા દિર્ઘદ્રષ્ટિ પૂર્વકના આયોજનો ધ્વારા નિરાકરણ થઈ શકશે. આ વિસ્તારના નાગરિકો માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન સુરત મહાનગરપાલિકાએ કરેલ છે. જે બાળકો અને યુવાનોમાં ઉત્સાહ વધારવાનો પ્રયત્ન છે. જો આ વિસ્તારના નાગરિકો આ સ્પોર્ટસ કોમ્પલેક્ષનો વધુમાં વધુ ઉપયોગ કરશે તો આ જ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાંથી દેશ અને દુનિયામાં સુરતને ગૌરવ અપાવે તેવા યુવાનો તૈયાર થશે. આ તબકકે આવા ઉમદા પ્રોજેકટો તૈયાર કરવા બદલ સુરત મહાનગરપાલિકાના શાસકો અને વહીવટીતંત્રનો આભાર માન્યો હતો.



સમારંભના પ્રમુખ એવા મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણે શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અન્વયે સુરત શહેરની જનતાને સ્પોર્ટસ કોમ્પલેક્ષની ખાતમુહૂર્ત વિધિ પ્રસંગે આનંદની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ રમત ગમતના સંકુલમાં આઉટડોર અને ઈન્ડોર ગેમ્સની સુવિધા ઉપલબ્ધ થશે. આ વિસ્તારના નાગરિકોની માંગણી હતી કે આ વિસ્તારમાં આનંદ પ્રમોદનું સાધન તૈયાર થવું જોઈએ. તે ધ્યાને લઈ આ વિસ્તારમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષનું નિર્માણ કરવાનું નકકી કરેલ છે. જેનો લાભ આ વિસ્તારના નાગરિકો લઈ શકશે. સને ૧૯૯૫ પછી ભાજપના શાસન દરમ્યાન શહેરના નાગરીકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી છે. ઉપરાંત મેડીકલનું શિક્ષણ મળી રહે તે માટે છેલ્લા ત્રણ વર્ષથી મેડીકલ કોલેજ શરૂ કરેલ છે. ટુંક સમયમાં ફીઝીયોથેરાપી કોલેજ શરૂ કરી રહયા છે. સુરત મહાનગરપાલિકાએ શહેરની પ્રાથમિક જરૂરીયાતો પાણી, લાઈટ, ગટરની સુવિધા આપવાની સાથોસાથ ઈન્ડોર સ્ટેડીયમ, તરણ કુંડો, ઉદ્યાનો, મેડીકલ કોલેજ, સુમન હાઈસ્કુલ, જેવી સુવિધાઓ આપવા ઉપરાંત સરળ ટ્રાફિક નિયમન માટે સી. સી. રોડ બનાવવાની કામગીરી ચાલુ છે. રાજયની સાત મહાનગરપાલિકાઓમાંથી સુરત મહાનગરપાલિકાજ એક માત્ર એવી મહાનગરપાલિકા છે કે જે ઝુંપડપટ્ટીઓને ખસેડતા પહેલા પ્રાથમિક સુવિધા સાથેની વૈકલ્પિક જગ્યા ફાળવીને જ ઝુંપડપટ્ટીનું સ્થાંળતર કરે છે. તેમજ રાજય સરકારના શહેરી વિકાસ વર્ષ ઉજવવાના સંકલ્પરૂપે સુરત મહાનગરપાલિકા નવા નવા પ્રકલ્પો પ્રજાની સુખાકારી માટે અર્પણ કરેલ છે. અને સુરત મહાનગરપાલિકા સુરત ફર્સ્ટ બનવામાં અગ્રેસર થઈ રહયું છે. સુરત શહેરની વધતી જતી વસ્તી તથા સીમાઓ વધતી જતી હોવા છતાં સુરત મહાનગરપાલિકા એ વણથંભી વિકાસકુચ જારી રાખેલ છે. ટુંક સમયમાં આ વિસ્તારમાં ઓડીટોરીયમ, એકવેરીયમ, ઉદ્યાનો, અઠવા – અડાજણને જોડતા પુલ, જુદા જુદા સ્થળોએ શાકમાર્કેટો જેવી સુવિધાઓ શહેરીજનોને આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

સમારભંના અતિથિવિશેષ પદેથી ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલાએ જણાવ્યું હતું કે પ્રાથમિક સુવિધાઓ આપવામાં સુરત મહાનગરપાલિકા સદાયે અગ્રેસર રહેલ છે. સુરત એક મોડેલ સીટી તરીકે વિકસી રહયું છે. સુરત મહાનગરપાલિકા રાજયની અને દેશની એવી મહાનગરપાલિકા છે કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા કેવી હોવી જોઈએ તથા તેનું સંચાલન કેવું હોવું જોઈએ તેનું ઉદાહરણ પૂરૂં પાડે છે. અન્ય મહાનગરપાલિકાઓને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં અડચણો નડે છે. જયારે સુરત મહાનગરપાલિકાએ ફકત રસ્તા, વીજળી, પાણી, ગટરની પ્રાથમિક સુવિધાઓની સાથે સાથે માધ્યમિક શાળાઓ, મેડીકલ કોલેજ, ઉદ્યાનો જેવી અન્ય સુખાકારીની સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર રહી છે.

આભારવિધિ સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા, શ્રીમતિ ભાવનાબેન પંડયા એ કરી હતી.

TOP

## મનપાના યુસીડી વિભાગ ધ્વારા અલુણાવ્રત નિમીતે વિવિધ સ્પર્ધા યોજાઈ



સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી. વિભાગ પ્રોત્સાહિત સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ ( સીટી ડેવલપમેન્ટ સોસાયટી ) ધ્વારા યુ.સી.ડી. કચેરીના વિચાર–વિમર્શ ભવનમાં '' અલૂણાં પર્વ '' નિમિતે વિવિધ હરીફાઈઓ અને ઈનામ–વિતરણનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાના માનનીય મેયર શ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

સુરત મહાનગરપાલિકાના માનનીય મેયર શ્રી એ અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતાં જણાવ્યું કે, શહેરના વિવિધ સ્લમ વિસ્તારોમાંથી મહિલા મંડળો એક સ્થળે લોકોને એકત્ર કરવા માટે યુ.સી.ડી. અભિનંદનને પાત્ર છે. જે સુરત શહેર માટે ગૌરવ લેવા જેવી બાબત છે. એકબીજાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. એ બીરદાવવા લાયક છે. શહેરમાં બહેનોએ આ તક ઝડપી છે. બાળક જયારે સ્ટેજ પર આવે છે, ત્યારે વધુ મહેનત કરે છે. જેમાં માતા–પિતાનો ફાળો ભાગ ભજવે છે. મહેંદી પણ એક કલા છે. મહેંદી જાતે મુકે છે. જેમાં સ્વચ્છતા–ડીઝાઈન જોઈ પ્રથમ ક્રમ આપવામાં આવે છે. બીજી વખતની હરીફાઈમાં વધુ સારી કૃતિ તૈયાર કરવી જેથી નંબર આવી શકે, બીજી વખત કેશગુફન હરીફાઈ ગોઠવવા જણાવ્યું, જે માટે યુ.સી.ડી. સતત લોકોને મદદ કરવા તૈયાર છે. સુરત મહાનગરપાલિકાના આસી. કમિશનર શ્રી સી. વાય. ભટ સાહેબે જણાવ્યું કે, યુ.સી.ડી. વિભાગ ધ્વારા સમાજની વ્યવસ્થામાં બી. પી. એલ. એટલે કે સામાન્ય આવક ઓછી હોય તેવા સમાજના વર્ગોને તેમના પોતાના વિકાસ (સેલ્ફ ડેવલોપમેન્ટ) માટે ઘણી મદદ કરવામાં આવે છે. હરીફાઈ પણ એક સમાજનો જ ભાગ છે. એનાથી વ્યકિતમાં કળા, કૌશલ્યનો વિકાસ થાય છે, અને વ્યકિતને પ્રોત્સાહન મળે છે. સ્ટેજનો ડર દુર કરવો એ બાળકના વિકાસનો જ એક ભાગ છે. સુરત મહિલા બસ્તી વિકાસ સંઘના સહ ખજાનચી શ્રીમતી ચંદ્રકલાબેને સી.ડી.એસ. ની કામગીરીની ટૂંકી વિગત આપતા જણાવ્યું કે, અમારા હાલમાં ૪૭ મહિલા મંડળો, ૧૨ પરિષદો છે. શહેર કક્ષાના ફેડરેશન સમાન આ સી.ડી.એસ. ધ્વારા અમે વિવિધ સ્લમ વિસ્તારની ૨,૨૮૨ બહેનો ધ્વારા છેલ્લા બે વર્ષથી નિયમિત બચત કરતા આવ્યા છે. આજ દીન સુધામાં અમે ૧૨૧ સભ્યોને જરૂરીયાત મુજબ રૂા. ૧,૯૫,૧૦૦/–ની લોન તથા ૨૭૧ સભ્યોને ૩૩૦ કિવિન્ટલ ઘંઉ અને ૫૦ સભ્યોને ૨૦૦ કિવિન્ટલ ચોખા, ૪૦૦ સભ્યોને ૮૦૦ ડબ્બા તેલ પણ લોન પેટે આપેલ છે અને જણાવ્યું કે, અમે અમારા સંઘને ખૂબ જ આગળ પહોચાડીશું અત્રે એટલું કહું છું અમે ઘણું કર્યુ છે, પરંતુ હજી ઘણું કરવાનું બાકી છે.

ઉપરોકત પ્રસંગે આવકાર પ્રવચન સી.ડી.એસ.ના ઉપપ્રમુખ શ્રીમતી નફીસાબેન મન્સુરીએ કર્યુ હતું, અને સ્વાગતવિધી સી.ડી.એસ.ના હોદ્દેદારોએ કરી હતી. આભારવિધી સી.ડી.એસ.ના પ્રમુખ શ્રીમતી હંસાબેન મોરેએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર કુ. જયોત્સના પટેલે કર્યુ હતું.

TOP

## મહાનગરપાલિકાનો વોર્ડ ફેરરચનાનો મુસદો જાહેર : ભારે ફેરફાર, વાંધા – સૂચનો માટે ૧૫ દિવસની મહેતલ

મહાનગરપાલિકાની વોર્ડ ફેરરચનાનો નકશો જાહેર થયો છે. ચૂંટણી પંચે દસ ટકા વસતિ વધ–ઘટની વાત કરી છે. પરંતુ રાંદેર–ગોરાટ, અડાજણ (વેસ્ટ) અડાજણ (ઈસ્ટ) અને રાંદેર પીસાદમાં ૧૦ ટકા કરતાં વધુ ઘટ અને કતારગામ ફુલપાડામાં દસ ટકા કરતાં વધુ જાહેર કરવામાં આવી છે.

ચૂંટણી પંચે ૨૦૦૧ની વસતિ ગણતરીને ધ્યાનમાં રાખી પાલિકાના ૩૪ વોર્ડ અને ૧૦૨ બેઠકો કરી છે. આ સમયે શહેરની વસતિ ૨૪,૩૩,૮૩૫ હતી જેને ૩૪ વોર્ડમાં વહેંચણવામાં આવતા સરેરાશ વસતિ ૭૧,૫૮૩ની થાય છે. જેમાં દસ ટકા ઘટ–વધની છુટછાટ આપવામાં આવી છે. પરંતુ વોર્ડ નંબર ૧,૧૩,૧૪,૧૫માં ઘટાડો–વધારો દસ ટકા કરતાં થોડો વધુ–ઓછો છે.

રાજય ચૂંટણી પંચે આજે જાહેર કરેલા સુરત મહાનગરના મ્યુનિસિપલ વોર્ડ ફેરરચનાના મુસદ્દામાં અનામત વર્ગની બેઠકો વસતિના આધાર પર ફાળવી હતી. પ્રત્યેક વોર્ડમાં ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે. જેમાં નિયમ પાંચ મુજબ પ્રત્યેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી ( અનૂસૂચિત જાતિ, અનુ. આદિજાતી, પછાત વર્ગની સ્ત્રી સહિત ) માટે અનામત રાખવાની છે. જેના કારણે ૧૦૨ કોર્પોરેટરોમાંથી ૩૪ મહિલા કોર્પોરેટર હશે. પાલિકાના ૩૪ વોર્ડમાંથી અનૂસૂચિત જાતિની વસતિનું પ્રમાણે નાણાંવટ–શાહપોર–સૈયદપુરા ધાસ્તીપુરા (વોર્ડ નં. ૧૬), ભેદવાડ–ભેસ્તાન–પાંડેસરા (વોર્ડ નં. ૩૪), રાંદેર–પીસાદ (વોર્ડ નં. ૧), તથા ઉધના ઉદ્યોગનગર (વોર્ડ નં. ૨૮)માં ટકાવારી પ્રમાણે ઘણું ઉચું છે. જેથી વોર્ડ નંબર ૧૬,૩૪ અને ૨૮માં અનુ. જાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે.

આવી જ રીતે અનુ. આદિજાતીની વસતિની ટકાવારી પ્રમાણે અલથાણ ભટાર (વોર્ડ નં. ૩૩), અઠવાગેટ–મજુરા (વોર્ડ નં. ૨૬), અડાજણ–વેસ્ટ (વોર્ડ નં. ૧૪) તથા ઉમરવાડા નવાગામ (વોર્ડ નં. ૧૮) માં બેઠક ફાળવવામાં આવી છે. જેમાં વોડસ નંબર ૩૩,૨૬ અને ૧૮માં અનુ. આદિજાતિ માટે તથા વોર્ડ નંબર ૧૪માં આદિજાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે જાહેરનામામાં ૧૦ બેઠકો પછાત વર્ગો માટે રાખી છે તે પૈકીમાં ત્રણ સ્ત્રી બેઠક અનામત રાખવામાં આવી છે. પછાત વર્ગની વસતિના ધ્યાનમાં રાખી ટકાવારીને ધ્યાનમાં રાખી નવાપુરા–બેગમપુરા (વોર્ડ નં. ૧૭), ગોપીપુરા–વાડીફળીયા સોનીફળિયા (વોર્ડ નં. ૨૩), હરીપુરા–મહિધરપુરા–લાલદરવાજા (વોર્ડ નં. ૧૦), નાનપુરા–રૂદરપુરા (વોર્ડ નં. ૨૪), કુબેરનગર (વોર્ડ નં. ૧૧), રાંદેર પીસાદ (વોર્ડ નં. ૧) તથા કતારગામ–ફૂલપાડા (વોર્ડ નં. ૩)માં પછાત વર્ગની બેઠક રાખવામાં આવી છે. જયારે સગરામપુરા–સલાબતપુરા (વોર્ડ નં. ૨૨), નાણાવટ શાહપોર (વોર્ડ નં. ૧૧) અને કતારગામ–વાડીનાથ ચોક (વોર્ડ નં. ૧૨)માં પછાત વર્ગની સ્ત્રીની બેઠક જાહેર કરવામાં આવી છે. પાલિકાના તમામ વોર્ડની વસતિ સરેરાશ દસ ટકા વધ–ઘટ બાદ કરતાં એક સરખી રહે તે મુજબનું સિમાંકન કરવામાં આવ્યું છે. વોર્ડ નવરચનાના આ મુસદા પર મહાપાલિકાએ જ જાહેર વાધાં – સૂચનો માંગેલ છે. તે માટે દિન ૧૫ની મહેતલમાં આવેલા તેવા વાધાં – સૂચનોને આમેજ કરાય કે ખારીજ કરાય તે પછી મહાપાલિકા વોર્ડ ફેરરચનાને ફાયનલ જાહેર કરી, મતદાર યાદી તૈયાર કરવાની વિધિ આગળ ધપાવશે. મતદાર યાદીમાં મહાપાલિકાએ તા. ૧/૦૧/૨૦૦૫ સુધીમાં મતપાત્ર ઠરતી વ્યકિતઓના નામો ઉમેરીને તેને ફાયનલ કરવાની છે.

TOP

## સુરત મહાનગરપાલિકાની 'પે એન્ડ પાર્ક'ની સુવિધાને મળેલ ભારે પ્રતિસાદ

વધતી જતી વસ્તીને કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. પરિણામે આર્ટ સીલ્ક ઉદ્યોગથી સતત ધમધમતા રીંગરોડ માર્કેટ વિસ્તારમાં વાહન પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ પે એન્ડ પાર્કની સુવિધાની સફળતાને કારણે અન્ય ઈજારદારો વચ્ચે પાર્કિંગના ઈજારા માટે સ્પર્ધા જામી છે. અત્યાર સુધી રીંગરોડ ખાતેના આ ' પે એન્ડ પાર્ક 'માંથી દર વર્ષે રૂા. ૪૦ લાખની આવક થતી હતી. ચાલુ વર્ષે નવો બહાર પાડેલા ટેન્ડરમાં રૂા. ૮૨ લાખની ઓફર થતાં સુરત મહાનગરપાલિકાને રીંગરોડ ખાતેના આ ' પે એન્ડ પાર્ક 'ની આવક બમણી થઈ જશે.

શહેરના કોટ વિસ્તાર  સહિત વિવિધ વિસ્તારમાં પણ મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટો ને ' પે એન્ડ પાર્ક ' તરીકે વિકસાવવાનું વિચારણા હેઠળ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાની જકાત આવકમાં પ્રથમ ચાર માસમાં મળેલ રૂા. સવા કરોડથી વધુ આવક

સુરત મહાનગરપાલિકાના જકાત વિભાગે ચાલુ નાંણાકીય વર્ષ દરમ્યાન જકાત વિભાગે પ્રથમ ચાર માસ દરમ્યાન રૂા. ૧૨૮ કરોડની જકાત આવક વસુલી છે. જે ગત વર્ષના પ્રથમ ચાર માસ દરમ્યાન પાલિકાના જકાત વિભાગે રૂા. ૧૧૨ કરોડની આવક મેળવી હતી. જેમાં અનુક્રમે ચાલુ વર્ષે વધારો નોંધાયો છે.

સરકાર ધ્વારા બહાર પાડેલા વેટનો અમલ ઉપરાંત ચોમાસાની શરૂઆતની સાથે જ થયેલા મુશળધાર વરસાદને કારણે આવેલી પૂરની પરિસ્થિતી હોવા છતાં પણ જકાત વિભાગે ગત વર્ષની સરખામણીએ સરેરાશ વધુ આવક મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. ઉપરાંત જકાત ચોરીનો માલ ઝડપી પાડી શિક્ષાત્મક પગલા પણ લીધા છે. જુલાઈ માસ દરમ્યાન રૂા. ૩૩,૫૦ કરોડ જકાત આવક મેળવી છે. જે ગત વર્ષે ૨૯,૨૯ કરોડ રૂા. હતી. જેમાં રૂા. ૪,૨૧ કરોડનો વધારો નોંધાયો છે.

જકાત વિભાગ ધ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન આંકવામાં આવેલ રૂા. ૩૮૦ કરોડની જકાત આવકને અનુલક્ષીને પ્રથમ ચાર માસમાં સરેરાશ જકાત આંક રૂા. ૧૨૭ કરોડ થવા પામે છે. તે જોતા પાલિકાના જકાત વિભાગે પ્રથમ ચાર માસમાં રૂા. ૧૨૮ કરોડની આવક વસુલી છે. આ ઉપરાંત એપ્રિલ ૨૦૦૫ થી જુલાઈ ૨૦૦૫ ચાર માસમાં જકાત ખાતાને રૂા. ૨.૨ કરોડની આવક વ્હીકલ ટેક્ષ સ્વરૂપે મળી છે.

TOP